## <u>આંક–૦૧ તળે હુકમ</u>

ફરીયાદ હકીકત ધ્યાનમાં લીધી. ઉપરોકત વિગતેનો ફર્સ્ટ ઓર્ડર ધ્યાનમાં લીધો. હાલની ફરીયાદ પોલીસ દવારા એમ.વી.એકટ અન્વયેના બી.એન.એસ.એસ.ની કલમ–૨૧૦(૧)(એ) ગુન્હા અન્વયે દાખલ કરેલ છે. બનાવની તારીખ જોતાં અને સજાની જોગવાઈ ધ્યાનમાં લેતાં, આ ગુન્હો બન્યા બાદ પોલીસના ધ્યાન ઉપર આવેલ છે અને ત્યારબાદ હાલની ફરીયાદ કોર્ટમાં રજુ કર્યાની તારીખ જોતાં બી.એન.એસ.એસ.ની કલમ–૫૧૪ મુજબ કોગ્નીઝન્સ લેવાની સમય મર્યાદા વીતી ગયા બાદ રજુ થયેલ છે. વિલંબ અંગે કોઈ કારણ કે ખુલાસો નથી, આ સંજોગોમાં અત્રેની કોર્ટ દવારા કાયદાની નિયત કરેલી સમય મર્યાદા બાદ ગુન્હા અંગે કોગ્નીઝન્સ લઈ શકે નહી અને આરોપી સામે ટ્રાયલ શરુ કરી શકાય નથી. જેથી હાલનો કેસ આગળ ચાલવાપાત્ર નથી. સબબ ફરીયાદ પક્ષે સાંભળ્યા, હાલનો કેસ બી.એન.એસ.એસ.ની કલમ–૫૧૪ મુજબ કોગ્નીઝન્સ લેવા સામે બાધ હોય, આજરોજ સ્પેશીયલ મેજીસ્ટ્રેટ સીટીંગમાં ફેંસલ કરવામાં આવે છે.

હુકમ આજરોજ જાહેર કર્યો.

તા.૧૪/૦૩/૨૦૨૬.
સ્થળ : વડોદરા.

**(તૃપ્તિ હસમુખલાલ ઠકકર)**
પાંચમાં એડી. સીવીલ જજ અને જયુડી.મેજી. ફ.ક.
વડોદરા.
**CODE NO. GJ01694**